**<u>રેગ્યુલર દીવાની મુકદમા નં.૪૬/૨૦૧૫.</u>**

સવિતાબેન ડો/ઓ. બચુભાઈ રામાભાઈ ડાભી, રહે.ચોરવાડ.

વિરૂધ્ધ

બચુભાઈ રામાભાઈ ડાભી, વિ.૮.

**<u>વાદીની આંક–૫ ની અરજી લગત હુકમ</u>**

(૧) વાદીએ હાલનો દાવો લાવી દાવાના કામે મનાઈહુકમની અરજીમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, વાદી પ્રતિવાદી નં. ૧ ના સીધીલીટીના વારસદાર પુત્રી છે તેમજ અન્ય પ્રતિવાદીઓ ગુજરનાર રામાભાઈ તથા ગુજરનાર મેઘાભાઈ ડાભીના સીધીલીટીના વારસદારો છે. વાદીના પિતા પ્રતિવાદી નં. ૧ તથા વાદીની માતા રતનબેન વચ્ચે વાદી સગીર હતા ત્યારે ભરણપોષણના કેસ ચાલેલ ત્યારથી પ્રતિવાદી નં. ૧ તથા અન્ય પ્રતિવાદીઓ વાદી સાથે સબંધ રાખતા નથી. વાદીના પિતા દારુ પીવાની ટેવવાળા હતા તેમજ અન્ય પ્રતિવાદીઓએ વાદીના પિતા સાથે દારુ પીવાની ટેવનો લાભ લઈ વાદીના પિતાની મિલ્કતમાં વાદીને વારસદાર તરીકે હકક હીસ્સો ન મળે તેવા ઈરાદાથી પ્રતિવાદી નં. ૧ ના તેમજ પ્રતિવાદી નં. ૬–૭–૮ નું ફારગતી લેખ કરાવી લીધેલ છે અને આવું કરવા પાછળનું ભેજુ પ્રતિવાદી નં. ૨–૫ કે જે રામુભાઈ લખમણભાઈ ડાભી એડવોકેટ છે તેનું ચાલેલ છે. તેઓએ પ્રતિવાદીના સરનામામાં રેવન્યુ રેકર્ડમાં C/O. આર.એલ. ડાભી, એડવોકેટ તેવું સરનામુ લખાવેલ, જેથી રજીસ્ટર ટપાલમાં પણ માત્ર એવુ સરનામુ લખેલ હોય તેની એકનોલેજમેન્ટ પાવતીમાં માલિક હાજર નથી તેવું લખીને પોતાની સહી કરી કવર સંભાળી તેવી લુચ્ચાઈ વાપરેલ છે અને તેમ કરીને સર્વે નં. ૪૬૩, ૭૨૨, ૭૨૨/૨, ૭૨૨/૪ તથા ૯૩૦/પૈ.૧ વાળી ખેતીની જમીનમાંથી વાદીના પિતા પ્રતિવાદી નં. ૧ તેમજ વાદીની ફઈઓ પ્રતિવાદી નં. ૬–૭–૮ ના હકક ઉઠાવતા ફારગતી દસ્તાવેજ કરાવી લીધેલ છે, જે નલ એન્ડ વોઈડ અને બંધનકર્તા નથી તેવું ઠરાવી આપવા અને તકરારી મિલ્કત પ્રતિવાદી કોઈને વેંચાણ કરે નહી તેવું ઠરાવી આપવા વાદી હાલનો દાવો લાવી દાવાના કામે બીનઅવેજી ફારગતી દસ્તાવેજ નં. ૧૨૩ તથા ૧૨૬ તા.૬–૨–૨૦૧૫ ના દસ્તાવેજો રદબાતલ ઠરાવવા તેમજ પ્રતિવાદીઓ જાતે કે તેના માલિકો, નોકરો, એજન્ટો,

કુલમુખત્યારો દાવાવાળી જમીન કોઈને હસ્તાંતર કરે કરાવે નહી કે લીઝમાં મુકે નહી તેવો વચગાળાનો મનાઈહુકમ આપવા અરજ ગુજારેલ છે.

(૨) વાદીના દાવા તથા મનાઈહુકમની અરજીની પ્રોસેસ પ્રતિવાદી ઓને ધોરણસર બજતા પ્રતિવાદી નં. ૨/૧ થી ૨/૪/૧ તથા ૨/૪/૪ થી ૨/૬ તથા ૩ થી ૫/૯ સુધીના પ્રતિવાદીઓ તરફે આંક–૪૩ થી લેખીત વાંધા જવાબ રજુ કરી વાદીની તમામ હકીકતોનો મુખ્યત્વે ઈન્કાર કરી જણાવેલ છે કે, પ્રતિવાદી નં. ૧ નાએ વાદી તેમના દીકરી હોવાથી તેમની તમામ જવાબદારી અદા કરી દીધેલ છે. વધુમાં જણાવેલ છે કે, તકરારી મિલ્કત વડીલોપાર્જીત મિલ્કત આવેલ નથી. તકરારી મિલ્કત પ્રતિવાદી નં. ૧ તથા તેમના ભાઈઓ લખમણભાઈ, બાબુભાઈ તથા ચીનાભાઈ તથા મેઘાભાઈએ સંયુકત રીતે ખરીદ કરવામાં આવેલ સ્વપાર્જીત મિલ્કત છે અને તેના રજીસ્ટર્ડ દસ્તાવેજો પણ પ્રતિવાદીઓ ધ્વારા રજુ રાખેલ છે, તે સંજોગોમાં વાદીનો તકરારી મિલ્કતમાં કોઈપણ પ્રકારનો હકક હીત કે હીસ્સો ઉત્પન્ન થયેલ ન હોય વાદીની અરજી રદ કરવા જણાવેલ છે.

(૨.૧) પ્રતિવાદી નં. ૧–૭ તથા ૮ તરફે આંક–૪૯ થી વાંધા–જવાબ રજુ કરી વાદીની હકીકતોનો ઈન્કાર કરી મુખ્યત્વે ઉપરોકત પ્રતિવાદીઓએ રજુ કરેલ જવાબનું પુનરાવર્તન કરેલ છે.

(૩) સદર કામે વાદી તરફે તેમની અરજીના સમર્થનમાં આંક–૩ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટથી દસ્તાવેજો રજુ થયેલ છે. પ્રતિવાદીઓ તરફે આંક–૪૨ ના દસ્તાવેજી લીસ્ટથી દસ્તાવેજો રજુ થયેલ છે.

(૪) વાદી તરફે તેમની અરજીના સમર્થનમાં તેમની અરજી મુજબની દલીલ કરેલ છે તેમજ પ્રતિવાદીઓ તરફે તેમના જવાબ મુજબ દલીલ કરવામાં આવેલ છે.

(૫) સદર અરજીના ન્યાયિક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદી સાબિત કરે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું વાદી સાબિત કરે છે કે સગવડતા–અગવડતાની સમતુલાનું પલ્લું તેમની તરફેણમાં છે ?

(૩) શું વાદી સાબિત કરે છે કે જો માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો તેઓને નાણામાં આંકી ન શકાય તેવું નુકશાન જાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ નકારમાં.

મુદ્દા નં. ૨ નકરમાં.

મુદ્દા નં. ૩ નકારમાં.

મુદ્દા નં. ૪ આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદા નં.(૧) થી (૩) :**

(૭) સદર કામે ઉપરોકત ત્રણેય મુદાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોવાથી પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી આ તમામ મુદાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવેલ છે.

સૌપ્રથમ તો કાયદાની સ્પષ્ટ પ્રણાલી છે કે, સી.પી.સી. ઓર્ડર–૩૯, ૩૯–૧, ૨ તથા કલમ–૧૫૧ મુજબની જોગવાઈ સમન્યાયી છે એટલે કે, નામદાર કોર્ટની મુનસુફીને આધિન છે. પરંતુ આ મુનસુફીનો ઉપયોગ ન્યાયી રીતે થવો જોઈએ, જે માટે વાદીની એ ફરજ છે કે, તેમણે પોતાનો કેસ લઈને કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવવું જોઈએ અને જો તેમ ન હોય તો વાદી આવી કોઈ દાદ મેળવવા હકકદાર બનતા નથી. આ તબકકે પુરાવાનું મુલ્યાંકન કરવાનું નથી એટલે કે કોઈ મેરીટને ટચ કરવાનું રહેતુ નથી પરંતુ ઉપલબ્ધ સોગંદનામા તેમજ દસ્તાવેજોને આધારે નીર્ણય કરવાનો રહે છે. વધુમાં મનાઈહુકમ માંગનાર વ્યકિતએ પોતાનો પ્રથમદર્શનીય કેસ હોવાનુ અને સગવડતા અગવડતાની સમતુલા તેમજ મનાઈહુકમ નહી આપવાથી નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય છે કે કેમ તે હકીકત રેકર્ડ ઉપર લાવવી જરુરી છે અને જો મનાઈહુકમ માંગનાર વ્યકિત રેકર્ડ

ઉપર આવી હકીકત પ્રસ્થાપીત કરી શકે તો જ તેઓની વચગાળાની મનાઈહુકમની દાદ મંજુર કરી શકાય.

(૮) સદર કામે વાદીની દાવા અરજી તેમજ મનાઈ અરજી વંચાણે લીધી તથા પ્રતિવાદી તરફે રજૂ વાંધા જવાબ વંચાણે લીધા તેમજ વાદી તરફે રજૂ દસ્તાવેજી પુરાવા તેમજ બંને પક્ષોની દલીલો ધ્યાને લીધી તેમજ રેકર્ડ વંચાણે લીધું. વાદીએ તેની મનાઈહુકમની અરજીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, વાદી પ્રતિવાદી નં. ૧ ના સીધી લીટીના વારસદાર પુત્રી છે અને વાદીના પિતા પ્રતિવાદી નં. ૧ બચુભાઈને દારુ પીવાની ટેવ હતી, જેથી અન્ય પ્રતિવાદીઓએ તેઓની સાથે મીલાપીપણુ કરી તેને નશામાં રાખી વાદી તેમની એકમાત્ર પુત્રી હોવા છતા વાદીના પિતાની સર્વે નં. ૪૬૩, ૭૦૨, ૭૨૨/૨, ૭૨૨/૪, ૯ ૩૦/પૈ.૧ વાળી ખેતીની જમીનમાંથી હકક દુબાડી દેવા માટે પ્રતિવાદી નં. ૧ નું તેમજ પ્ર તિવાદી નં. ૫–૬–૭ જે વાદીની ફઈઓ થાય છે તેઓએ અન્ય પ્રતિવાદી ઓએ ફારગતી લ ેખ કરાવી લીધેલ છે તેવી હકીકત પોતાની અરજીમાં જણાવેલ છે. પરંતુ પ્રતિવાદી તરફે બચાવ લેવામાં આવેલ છે કે, તકરારી જમીન વાદીના પિતા પ્રતિવાદી નં. ૧ બચુભાઈ રામાભાઈ ડાભી તથા તેના ભાઈઓ લખમણભાઈ, બાબુભાઈ ચીનાભાઈ અને મેઘાભાઈ નાઓએ સંયુકત રીતે રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ સ્વપાર્જીત મિલ્કતો છે. પ્ર તિવાદીઓ તરફે નીશાની ૪૨/૧ થી ૪૨/૫ સુધીના તકરારી મિલ્કતના રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજોની નકલ રજુ થયેલ છે તે વંચાણે લેતા તકરારી મિલ્કત વાદીના પિતા પ્રતિવાદી નં. ૧ બચુભાઈ રામાભાઈ ડાભી તથા તેના ભાઈઓ લખમણભાઈ, બાબુભાઈ, ચીનાભાઈ અને મેઘાભાઈ નાઓ ધ્વારા સંયુકત રીતે રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ નં. ૧૫૪૩, તા.૧ ૫–૧૨–૧૯૭૧, દસ્તાવેજ નં. ૬૧ તા.૨૩–૧–૧૯૬૭, દસ્તાવેજ નં. ૧૨૯૬ તા.૫–૫–૧૯૬૯, વેંચાણ દસ્તાવેજ નં. ૪૨૩ તા.૯–૯–૧૯૫૭ ના રજુ થયેલ છે તે વંચાણે લેતા તકરારી સર્વે નંબરોવાળી મિલ્કત વાદીના પિતા અને ભાઈઓએ ખરીદ કરેલી સ્વતંત્ર અને સ્વપાર્જીત મિલ્કત છે. વાદીના પિતા પ્રતિવાદી નં. ૧ બચુભાઈ રામાભાઈ ડાભી હાલમાં હૈયાત છે અને તેઓએ તેમની હૈયાતી દરમ્યાન તકરારી જમીનમાંથી પોતાનો હીસ્સો ફારગતી લેખથી જતો કરેલ છે. વધુમાં પ્રતિવાદી નં. ૧ ના ધ્વારા આંક–૪૯ થી તેમનો લેખીત જવાબ પણ રજુ રાખવામાં આવેલ છે તેમાં પણ પ્ર તિવાદી નં. ૧ તકરારી મિલ્કતમાંથી પોતાનો હિસ્સો સ્વેચ્છાએ ફારગતી લેખથી જતો કરેલ

હોવાની હકીકત કબુલ રાખેલ છે અને વાદીની હકીકતોનો ઈન્કાર કરેલ છે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતા તકરારી મિલ્કત વાદીના પિતા પ્રતિવાદી નં. ૧ તથા તેમના ભાઈઓએ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ સ્વતંત્ર મિલ્કત છે અને વાદીના પિતાએ તેમની હૈયાતી દરમ્યાન પોતાની સ્વતંત્ર મિલ્કતમાંથી ફારગતી લેખથી તા.૬–૨–૨૦૧૫ ના રોજ પોતાનો હકક તેઓના ભાઈના વારસદારોને જતો કરેલ છે. હાલમાં પણ વાદીના પિતા પ્રતિવાદી નં. ૧ હૈયાત છે અને તેઓએ પોતાનો જવાબ રજુ કરી વાદીની હકીકતોનો ઈન્કાર કરેલ છે, જે સંજોગોમાં તકરારી મિલ્કત વડીલોપાર્જીત મિલ્કત હોવાનુ અને તેમાં વાદીનો હીસ્સો સમાયેલ હોવાની હકીકત વાદી પ્રથમદર્શનીય રીતે રેકર્ડ ઉપર બતાવી શકેલ ન હોય, હાલના તબકકે તકરારી મિલ્કતમાં વાદીનો કોઈ હકક, હીસ્સો સમાયેલ હોવાનુ જણાય આવતુ ન હોય, વાદી પોતાનો કેસ પ્રથમદર્શનીય રીતે બતાવવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં સગવડતા અગવડતાની દ્રષ્ટિએ તથા નાણામાં ન નીવારી શકાય તેવા નુકશાનની દ્રષ્ટિએ વીચારીએ તો તકરારી મિલ્કત વડીલોપાર્જીત મિલ્કત હોવાનુ વાદી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી, જે સંજોગોમાં તકરારી મિલ્કતમાં વાદીનો હકક, હીસ્સો પ્રથમદર્શનીય રીતે જણાય આવતો ન હોય, વાદીને મનાઈહુકમ નહી આપવાથી વાદીને કોઈ નુકશાન જાય તેમ નથી, આમ, ઉપરોકત સંજોગોમાં વાદી તેમનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં. ૪ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) વાદીઓની વચગાળાની મનાઈહુકમની અરજી આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

(૨) અરજીનું ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

આ હુકમ આજ તારીખ : ૨૪ મી, માહે–એપ્રીલ સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મું. માળીયા હાટીના.
તારીખ : ૨૪/૦૪/૨૦૧૮.

(મોહંમદમકસુદ મોહંમદઈકબાલ શેખ)
મુખ્ય સિવિલ જજ,
માળીયા હાટીના.
(GJ-01294)